# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠા જિલ્લાના ૭,૧૩૨ લાભાર્થીઓને ઈ-ગૃહપ્રવેશ કરાવ્યો

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વલસાડ જીલ્લાના જુજવા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં કુલ ૧,૧૫,૫૫૧ લાભાર્થીઓને ઈ-ગૃહપ્રવેશ કરાવ્યો હતો. જે અંતર્ગત હસ્તે ઈ-ગૃહપ્રવેશ કરાવવામાં આવ્યો છે.બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના વડા ખાતે એક શાનદાર કાર્યક્રમ યોજાયો હતો.



બનાસકાંઠા જીલ્લાના ૧૩ બનાસકાંઠા જીલ્લાના ૭,૧૩૨ લાભાર્થીઓને વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા ઈ-ગૃહપ્રવેશ કરાવતાં લાખો પરિવારોમાં આનંદ છવાયો હતો. બનાસકાંઠા જીલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે કુલ ૧૬,૨૧૪ મકાનો બનાવવાનું લક્ષ્યાંક સામે ૭,૧૩૨ મકાનો પૂર્ણ થતાં લાભાર્થીઓને પ્રધાનમંત્રીના જેટલા તાલુકા મથકોએ સેટકોમ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિડીયો કોન્ફરન્સીંગથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને નિહાળવા તેમજ સાંભળવા વડા ગામના ૧૧૦ લાભાર્થીઓ સહીત વિશાળ સંખ્યામાં લોકો સવારથી જ આનંદ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. સ્ક્રીન પર વડાપ્રધાનશ્રીનું આગમન થતાં જ વિશાળ જનમેદનીએ ભારત માતા કી જય..., વંદે માતરમ...ના ગગનભેદી નારાઓથી વાતાવરણ ગુંજવી મુકયું હતું. વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને વિશાળ જનમેદનીએ શાંતિથી સાંભળ્યા હતા. કાંકરેજ તાલુકાના વડા ખાતે પરમાર નંદાબેન પ્રતાપભાઈ અને પટણી ગીતાબેન અમરતભાઈએ વિડીયો કોન્ફરન્સીંગથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે વાત કરી હતી.આ પ્રસંગે કેન્દ્રીય ખાણ ખનીજ અને કોલસા રાજયમંત્રીશ્રી હરીભાઈ ચૌધરીના હસ્તે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના ૪૦ લાભાર્થીઓને ગેસ કનેકશન કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનભાઈ માળી, ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, શશીકાંતભાઈ પંડયા, જીલ્લા ભાજપા પ્રમુખશ્રી કેશાજી ચૌહાણ, અધિકારી સહિત અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાને સાબરકાંઠાના ૪૧૦૮ આવાસોનું ઈ-ગૃહપ્રવેશ કરાયો

હિંમતનગર, તા. ૨૩

ગુજરાતની એક દિવસની મુલાકાતે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે વલસાડ જિલ્લાના જુજવા ગામે યોજાયેલ એક કાર્યક્રમ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં અંદાજે રૂ. ૬૧.૩૯ કરોડના ખર્ચે બનાવાયેલ પ્રધાનમંત્રી આવાસોનું વિડીયો કોન્ફરન્સથી ઈ-ગૃહપ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે પ્રાંતિજ તાલુકાના સિતવાડા નજીક આવેલ નવાપુરા ગામે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી લાભાર્થીઓ સાથે સંવાદ કરીને ખબરઅંતર પુછ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની એક દિવસની મુલાકાત લઈને વલસાડ, જૂનાગઢ અને ગાંધીનગર ખાતે આવી વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી. દરમ્યાન વલસાડ જિલ્લાના જુજવા ખાતે યોજાયેલા કાર્યક્રમના સ્થળેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સાબરકાંઠા જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા રૂ. ૩૧.૩૯ કરોડના ખર્ચે બનાવાયેલ પ્રધાનમંત્રી આવાસોનું ઈ-ગૃહપ્રવેશ કરાવ્યો હતો.

ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાંતિજ તાલુકાના સીતવાડા નજીક આવેલા નવાપુરા ગામના ૩૨ લાભઆર્થીઓ સહીત અન્ય સ્થળેથી ઉપસ્થિત રહેલા ૨૩૫ લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરીને શૌચાલય બનાવ્યા કે નહી તેમ પુછી પરીવારના બાળકો ભણવા જાય છે કે નહી તેમ ગુજરાતી ભાષામાં ખબરઅંતર પુછ્યા હતા.

## ભિલોડા તાલુકાના ૪૧૪૦ લાભાર્થીઓનો પ્રધાનમંત્રી આવાસનો ઈ-ગૃહ પ્રવેશ યોજાયો

ભિલોડા,તા. ૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ૪૧૪૦ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસનો ઈ-ગૃહ પ્રવેશ કાર્યક્રમ યોજાયો હતો. નવા ભવનાથ પ્રાથમીક શાળાના કંપાઉન્ડમાં લાભાર્થીઓનો ઈ-ગૃહ પ્રવેશ કાર્યક્રમ દબદબાભેર યોજાયો હતો.લાભાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.રૂા. ૧૧૪.૨૬ કરોડના ખર્ચે પ્રધાનમંત્રી આવાસો બનાવાયા છે. ઉજ્જવલા યોજના અંતર્ગત લાભાર્થીઓને ઘરેલું ગેસ કીટનું વિતરણ કરાયું હતું.



આ પ્રસંગે અરવલ્લી જીલ્લા કલેકટર એમ.નાગરાજન, જીલ્લા વિકાસ અધિકારી ડૉ. હર્ષિત ગોસાવી, ડી.આર.ડી.એ. ડાયરેકટર રાકેશભાઈ વ્યાસ,પ્રાંત અધિકારી ઈલાબેન ચૌહાણ, ભિલોડા તાલુકા વિકાસ અધિકારી આર.આર.બરજોડ, નાયબ તાલુકા વિકાસ અધિકારી રાકેશભાઈ પટેલ, નાયબ મામલતદાર જયમીનભાઈ પટેલ, નરેન્દ્રભાઈ ચૌધરી, વહીવટી તંત્રના અધિકારી, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગામેતી, ભિલોડા ગ્રામ પંચાયત કારોબારી અધ્યક્ષ યોગેશભાઈ બુધ્ધ, હરેશભાઈ પંચાલ, પુષ્કરભાઈ શાહ, મહેન્દ્રસિંહ રાઠોડ, રવિભાઈ ઠાકોર, ગ્રામજનો, લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું પ્રાસંગિક પ્રવચન વેબ-કાસ્ટીંગ ધ્વારા જીવંત પ્રસારણ લાભાર્થીઓએ શાંતિપુર્ણ માહોલમાં સાંભળ્યું હતું. વડાપ્રધાનએ લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં વડાપ્રધાનના ઉદ્દબોધન પહેલાં જ અધિકારીઓએ ચલતી પકડી

**પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત જિલ્લાના ૪૧૦૮ તથા ૨૩૫ લાભાર્થીઓને ઈ-ગૃહપ્રવેશ**

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સીતવાડા નવાપુરા ખાતે પ્રધાનમંત્રી આવાસ ઓનલાઈન પ્રાંતિજ તાલુકામાં ૨૩૫ તથા જિલ્લામાં ૪૧૦૮ લાભાર્થીઓને વલસાડના જુજવા ગામેથી સીધું વિડીઓ કોન્ફરન્સ દ્વારા પ્રાંતિજ તાલુકાના સીતવાડા-



કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જીલ્લામાં ૬૧.૩૯ કરોડના ખર્ચે તૈયાર થયેલ આવાસો ૪૧૦૮ લાભાર્થીઓનેસામુહિક ઈ ગુહ પ્રવેશ આપવામાં આવ્યો.

પ્રાંતિજના સીતવાડા નવાપુરા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના ઈ ગૃહ પ્રવેશ જીલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં સીતવાડા-નવાપુરામાં ૩૫ તથા નવાપુરા ખાતે કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા જિલ્લા તથા તાલુકાના લાભાર્થીઓને વિડીઓ કોન્ફરન્સ દ્વારા ઈ ગૃહ પ્રવેશ કરાવ્યો હતો. કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ઉદ્દબોધન ચાલું થાય તે પહેલાં જીલ્લાના મુખ્ય અધિકારીઓએ સભા છોડીને ચાલતી પકડી હતી તો ઉપસ્થિત લોકોમાં ચર્ચાઓએ જોર પકડયું હતું.

# મોડાસાના રખિયાલ (ભચડીયા) ગ્રામ પંચાયતના સરપંચ વણકર સમાજના ફળિયામાં અન્યાય કરતા રોષ

મોડાસા, તા. ૨૩

ભાજપના રાજમાં અનુસૂચિત જાતિ સમાજના લોકોની દશા વધુ દયનિય ગ્રામ પંચાયતના ક્ષત્રિય સરપંચ દ્વારા વણકર ફળિયામાં સતત અન્યાય કરવામાં આવતો હોવાની સાથે આખા ગામમાં ગ્રામપંચાયતના તલાટીને લેખિત અને મૌખિક રજુઆત કરતા ન્યાયિક વાત કરવાની બદલે માટી નાખવાનું કામ સરપંચ દ્વારા કરવામાં આવશે જણાવી જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન થતા વણકર સમાજના લોકો જાયે તો કહા જાયે જેવી સ્થિતિ પેદા થઈ છે. લોકોએ કંટાળી લોકફાળો કરી ખાડા પુરવા પડ્યા હતા. ગટર પણ ખુલ્લી રાખવામાં આવતા અને વણકર ફળિયામાં નાખેલ સ્ટ્રીટલાઈટ પણ છેલ્લા કેટલા સમયથી બંધ રખાતા ચોરી લૂંટનો ભય લોકોમાં પેદા થયો છે. સરપંચ દ્વારા બક્ષીપંચ સમાજના લોકોમાં જવાના રસ્તા પર માટી નાખી હળહળતો અન્યાય કરવામાં આવી રહ્યોનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.



બની છે. ગામડાઓમાં આજે પણ અનુ.જાતિ સમાજના લોકો સાથે આજે પણ ભેદભાવભર્યું વલણ દાખવવામાં આવી રહ્યું છે.

ગ્રામપંચાયતના સરપંચ દ્વારા દરેક સમાજના લોકોને સાથે લઈ ગામનો સર્વાંગી વિકાસ સાધવાનો હોય છે અને કોઈ પણ સમાજને અન્યાય ન થાય તે જોવાની ફરજ ગામના મુખિયાની હોય છે, ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના રખિયાલ (ભચડીયા) ગામના ક્ષત્રિય સરપંચ દ્વારા અનુ.જાતિ સમાજના લોકોને રંજાડવામાં આવતા હોવાની સાથે ગ્રામ પંચાયતની ગ્રાન્ટમાંથી સુવિધા પણ પુરી પાડવામાં ન આવતા લોકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. સરપંચ મનસ્વી પણે વર્તન કરવાની સાથે વણકર ફળીયા અંગે કિન્નાખોરી રાખવામાં આવતી હોવાનો લોકોએ આક્ષેપ કર્યો હતો આગામી સમયમાં આ અંગે જિલ્લા કલેકટર અને અનુ સૂચિત આયોગમાં પણ લેખિત રજુઆત કરવામાં આવશે નું જાગૃત યુવાનોએ જણાવ્યું હતું.

રખિયાલ (ભચડીયા) દબાણ હોવા છતાં દબાણ તોડવાના બદલે અગાઉ સરપંચે બનાવેલ આરસીસી રોડ દબાણમાં હોવાનું જણાવી તોડી



નાખવામાં આવ્યો હોવાથી ખાડા પડી જતા ખાડામાં વરસાદી પાણી ભરાતા લોકોને પાણીમાંથી પસાર થવા મજબુર બન્યા છે.

સતત પાણી ભરાઈ રહેતા મચ્છરોનો ઉપદ્રવ વધી જતા મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત પેદા થઈ છે અને દબાણના નામે ખોટા જેસીબી ફેરવી ૭૦૦૦૦ રૂ. ખર્ચ પણ કરવામાં આવ્યો હોવાનું જાગૃત યુવાનોએ જણાવી આરસીસી રોડ તોડી નાખતા પડેલ ખાડા અંગે

અનુસૂચિત જાતિ સમાજના લોકો માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રામ પંચાયતમાં ફાળવામાં આવતી ગ્રાન્ટ અન્ય જગ્યાએ વાપરવામાં આવતી હોવાની સાથે અનુ.જાતિ સમાજ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ અંગે જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા કલેકટર દ્વારા તપાસના આદેશ આપવામાં આવે અને અનુ.જાતિ સમાજના લોકોને અન્યાય થતો અટકાવવાની માંગ કરી હતી.



## અંબાજી આઠ નંબરના રહીશો દ્વારા પોલીસ મથકે ચોરી બાબતની રજૂઆત કરવા પહોંચ્યા

આજે અંબાજી આઠ નંબરના રહીશો દ્વારા પોતાના વિસ્તાર માં ચોરીઓ થવાના બનાવો ને લઈને અંબાજી પોલીસ મથકે આવી રજૂઆત કરી હતી અને કહ્યુ હતુ કે અમારા વિસ્તારમાં છેલ્લા કેટલાય દિવસથી ચોરીઓના બનાવો બની રહ્યા છે અને પોલીસ આવતી નથી આ બાબતને લઈ આઠ નંબરના ૧૦૦થી વધુ રહીશાએ પોલીસ મથકે આવી પીઆઈ કે એસ ચૌધરીને રજૂઆત કરી હતી પોલીસ તરફથી સાંત્વના પણ આપવામાં આવી હતી.

## હિંમતનગરમાં અડધો ઈંચ વરસાદ : તલોદમાં ઝાપટું

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજાએ જાણે કે પોરો ખાધો હોય તેમ આકાશ વાદળછાયું રહ્યુ હોવા છતાં હિંમતનગર અને તલોદને બાદ કરતા એક પણ તાલુકામાં ગુરૂવારે વરસાદ પડ્યો નથી. જોકે હિંમતનગરમાં બપોર બાદ અંદાજે અડધો ઈંચ તથા તલોદમાં સામાન્ય વરસાદ પડતા ઠંડક પ્રસરી હતી. દરમ્યાન હિંમતનગરમાં સાંજના સુમારે અચાનક સૂર્યનારાયણના દર્શન થવા પામ્યા હતા.

ડિઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરમાં ગુરૂવારે બપોર બાદ વરસાદ શરૂ થતાં હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં રોડ પર પાણી વહેવા માડ્યું હતું. હિંમતનગરમાં ૧૦ અને તલોદમાં ૨ મીમી વરસાદ પડ્યો હતો. તે સીવાય પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા તથા પોશીના પંથકમાં મેઘરાજાએ વિરામ લેતા વરાપ નિકળ્યો હતો.

વરાપ નિકળવાના કારણે ખેડૂતોએ વિવિધ પાકોમાં નિંદામણ, આંતરખેડ અને દવાનો છંટકાવ કરવાનું શરૂ કરી દીધું છે. ઓછા વરસાદને કારણે અત્યારે મુખ્યત્વે કપાસ અને ડાંગરના પાકમાં લાલ ઈયળનો ઉપદ્રવ વધતા ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે.

## ચડોતરમાં વ્યાજના વિષચક્રમાં ફસાયેલા આધેડનો આપઘાત

પાલનપુર તાલુકાના ચડોતર ગામે વ્યાજના વિષચક્રમાં ફસાયેલા એક આધેડે પઠાણી ઉઘરાણીથી કંટાળી જઈ પહેલા ઝેર પીધા પછી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે મૃતકના પુત્રએ ડીસાના ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુર તાલુકાના ચડોતર ગામે રહેતા ૫૫ વર્ષીય રહેમાનભાઈ વજીરભાઈ મોરીયાએ ડીસાના ચાર શખ્સો પાસેથી વ્યાજે નાણાં લીધા હતા. જેના વ્યાજપેટે આ શખ્સો રૂપિયા ૬,૫૦,૦૦૦ની પઠાણી ઉઘરાણી કરતા હતા. જેમનાથી ત્રાસી જઈ રહેમાન ભાઈએ ઝેરી દવા પી પછી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

## મોડાસાના સોનીવાડામાં જર્જરિત મકાનના સમારકામ સમયે દીવાલ ધરાશાયી થતા શ્રમિકનું મોત

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા દર વર્ષે જર્જરિત મકાનો ઉતારી લેવા નોટિસ પાઠવી સંતોષ દાખવવામાં આવતા જર્જરિત મકાનના માલિકો નગરપાલિકાની નોટિસને ઘોળીને પી જતા હોય તેમ જર્જરિત મકાનો ઉતારતા ન હોવાથી દર વર્ષે ચોમાસાની ઋતુ દરમિયાન મકાન ધરાશાઈ થવાની ઘટનાઓ બનતી રહે છે.



મોડાસાના સોનીવાડા વિસ્તારમાં જર્જરિત મકાનનું સમારકામ દરમિયાન દીવાલ ધરાશાઈ થતા શ્રમિકનું દટાઈ જવાથી મોત નિપજતા હાહાકાર મચ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ મોડાસાના સોનીવાડા વિસ્તારમાં જર્જરિત મકાનના સમારકામ દરમિયાન મકાનની દીવાલ ધડાકાભેર ધરાશાઈ થતા સમગ્ર વિસ્તાર ધ્રુજી ઉઠ્યો હતો. દીવાલ ધરાશાઈ થતા કાટમાળમાં સમારકામ કરતો શ્રમિક દટાઈ જતા ભારે અફડાતફડી મચી હતી. આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ ભારે જહેમત બાદ કાટમાળમાંથી બહાર કાઢતા શ્રમિકનું પ્રાણપંખેરું ઉડી જતા મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે દોડી આવી. મૃતક શ્રમિકના મૃતદેહને પીએમ માટે સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડી શ્રમિકની ઓળખ કરવાની સાથે તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## ધનસુરા કોલેજમાં અટલબિહારી વાજપેયીજીને શ્રદ્ધાંજલિ અપાઈ

ધનસુરા, તા. ૨૩

ધનસુરા પ્રદેશ એજ્યુકેશન ટ્રસ્ટ ધનસુરા દ્વારા ધનસુરા કોલેજના હોલમાં ભારતરત્ન અને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીના દુઃખદ અવસાન નિમિત્તે તેઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ પટેલ, અરવલ્લી ભાજપ ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, ધનસુરા કેળવણી મંડળના મંત્રી વિઠ્ઠલભાઈ પટેલ સહિત મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.



## પ્રાંતિજ ખાતે તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાની ભાઈઓ બહેનોની વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી. પ્રાંતિજ ખાતે તાલુકા કક્ષાની ભાઈઓ બહેનોની વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ફાઈનલ મેચમાં તખગઢ હાઈસ્કુલ તથા અવરઓન હાઈસ્કુલ વચ્ચે સામ સામે રમાઈ હતી. જેમાં ભાઈઓ તથા બહેનોની બન્ને ટીમોનો વિજય થયો હતો તો ચેમ્પિયન થયેલ બન્ને ટીમોને શાળાના આચાર્ય તથા મંડળના મંત્રી રઈશભાઈ કસ્બાતીએ બન્ને ટીમના ખેલાડીઓને તથા બન્ને વ્યાયામ શિક્ષકોને અભિનંદન આપ્યા હતા.

# સાબરકાંઠામાં ૨.૧૩ લાખ હેક્ટરમાં ચોમાસુ પાકનું વાવેતર

**જિલ્લામાં સૌથી વધુ મગફળી અને કપાસ વાવેતર : ઓછો વરસાદ હોવા છતાં ઘાસચારાનું વધુ વાવેતર**

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે ચોમાસામાં અન્ય જિલ્લાઓ કરતા પ્રમાણમાં ઓછો વરસાદ થયો હોવા છતાં વર્ષ ૨૦૧૮-૧૯માં તમામ તાલુકામાં મળી અંદાજે ૨.૧૩ લાખ હેક્ટર જમીનમાં ચોમાસુ પાકનું ખેડૂતોએ વાવેતર કર્યુ છે. જેમાં સૌથી વધુ વાવેતર મગફળી અને કપાસનું થયું છે. જોકે પાણીવાળા વિસ્તારોમાં શાકભાજી પકવતા ખેડૂતોએ સાહસ કરીને વિવિધ શાકભાજીની રોપણી કરીને માવજત શરૂ કરી દીધી છે.

આ અંગે ખેતીવાડી વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, તલોદ, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકામાં આ વર્ષે ચોમાસુ ખુબજ મોડુ બેઠુ હોવા છતાં મોટા ભાગના ખેડૂતોનું જીવન પશુપાલન અને ખેતી પર નભતુ હોવાને કારણે ખેડૂતોએ દર વર્ષની જેમ જુન અને જુલાઈ માસમાં વિવિધ પાકોની વાવણી કરવા માટે આગોતરૂ આયોજન કરીને પોતાની શક્તિ મુજબ બજારમાંથી બિયારણ, દવા તથા ખાતર ખરીદીને થોડોક વરસાદ થયા બાદ વિવિધ પાકોની વાવણી કરી દીધી હતી.

### જિલ્લામાં કયા પાકનું કેટલું વાવેતર થયું

| | |
|---|---|
| ડાંગર | ૬૮૫૭ |
| કપાસ | ૭૮૬૬૨ |
| મગફળી | ૪૩૩૦૪ |
| દિવેલા | ૧૩૦૮૫ |
| મકાઈ | ૧૧૪૧૧ |
| ઘાસચારો | ૨૨૩૦૯ |
| કઠોળ | ૧૨૩૧૫ |

વર્ષ-૨૦૧૮-૧૯માં જિલ્લાના ખેડૂતોએ મુખ્યત્વે ડાંગર, કપાસ, મગફળી, દિવેલા, મકાઈ, શાકભાજી અને લીલા ઘાસચારાનું વાવેતર કર્યું છે. પરંતુ આ વર્ષે ચોમાસામાં સંતોષકારક વરસાદ ન થતા ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા હતા. દરમ્યાન ચાર દિવસ અગાઉ જિલ્લામાં સરેરાશ એકથી ત્રણ ઈંચ વરસાદ થતા ખાસ કરીને ચોમાસુ પાકને જીવતદાન મળ્યું છે. પરંતુ બોર કુવાઓમાં ઓછા વરસાદને કારણે પાણીના તળ ઉપર આવ્યા નથી. જેના કારણે ડાંગર પકવતા પ્રાંતિજ તાલુકામાં પાકને સિંચાઈ આપવા માટે બોર કૂવાઓમાં પાણી જાણે કે ખુટી પડ્યા છે.

### ૧૨૦૮૦ હેક્ટરમાં શાકભાજીનું વાવેતર

જિલ્લામાં ખાસ કરીને પ્રાંતિજ, હિંમતનગર, ઈડર અને વડાલી તાલુકામાં ખેડૂતોએ ફ્લાવર, કોબીજ, મરચા, વાલોળ સહીત અન્ય મળી અંદાજે ૧૨૦૮૦ હેક્ટર જમીનમાં શાકભાજીનું વાવેતર કરી દીધું છે. જે શાકભાજી નવરાત્રી આસપાસ બજારમાં આવી જશે એમ ખેડૂતોનું કહેવું છે.

જિલ્લામાં આ ચોમાસામાં જો દિવાળી અગાઉ વરસાદ નહી પડે તો ખેડૂતોને શિયાળુ પાકનું વાવેતર કરવાનું માંડવાળ કરવુ પડે તેવા સંજોગો ઉભા થાય તો નવાઈ નહી. તે પાછળનું મુખ્ય કારણ એ છે કે જિલ્લામાં આવેલા હાથમતી, ગુહાઈ, હરણાવ તથા મહેસાણા અને સાબરકાંઠાના ઈડર, હિંમતનગર અને વડાલી તાલુકાના પશ્ચિમ પટ્ટાના ગામડાઓને ડેમનું પાણી મળવાની શક્યતા ખુબજ નહીવત હોય તેવુ હાલના સંજોગે દેખાઈ રહ્યું છે. સિવાઈ કે આગામી દિવસોમાં વધુ વરસાદ થાય અને મોટા ડેમમાં પાણીની આવક થાય તો સિંચાઈ વિભાગ ખેતી માટે પાણી આપી શકે.